સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

ગળથૂથીથી રહ્યા ગુલામ હવે સ્વતંત્ર રહે ક્યાંથી?
નાચ્યા ખૂબ પપેટ બની હવે તટસ્થ રહે ક્યાંથી?
દીધો સાથ અસત્યનો સતત હવે સત્ય કહે ક્યાંથી?
પક્ષ કૃપાથી પદ પામેલા હવે હિંમત કાઢે ક્યાંથી!!
(પક્ષીય ઉમેદવારો પદગૌરવ સાચવી ન શકે...)

હાઈકુ

અંતે કોડિયો,
જાય સદા પોતાના
મુખ તરફ...

સ્નેહ સંબંધે
થાય જેના તે તેના -
તાટસ્થ્ય ડ્રામા...

ચિંતન

સુમરન તો સિદ્ધ યૉં કરો, જૈસે ગાગર પનિહાર,
હાલે ચાલે સૂરત મેં કહે કબીર વિચાર.

ઉપરોક્ત સાખી કહત કબીરામાંથી લેવામાં આવેલ છે.

ઈશ્વર સ્મરણ કરવું તો કેમ કરવું ? એ માટે કશો ત્યાગ કરવાની, કશું છોડવાની કંઈ જ જરૂર નથી. કબીર કહે છે કે, 'તમે સંસારમાં રહીને પણ તમારી પ્રવૃત્તિઓ કરતાં કરતાં ઈશ્વર સ્મરણ તરફ લક્ષ રાખતા રહો. જેમ પાણીનું બેડું ભરી ચાલી જતી નારી જેવી રીતે પોતાની સહિયરો સાથે તેનું ધ્યાન તો તેના પાણીનાં બેડા પર જ હોય છે. એ જ રીતે તમારી સાંસારિક જવાબદારી નિભાવતાં નિભાવતાં ભગવત સ્મરણ પ્રત્યે ક્યારેક દુર્લક્ષ રાખશો નહી.'

સંસારના કર્મો નિર્લેપ રહી - જનક વિદેહી જેમ - તટસ્થ ભાવે કરવાં જોઈએ.

સુવિચાર

- ભૌતિક સમૃદ્ધિના ઢગલામાં પોતાની નિધિને સમાઈ ગયેલી ને નિધિના અર્થનો ખ્યાલ જ નથી - **ગુલાબદાસ બ્રોકર**
- હું વૃદ્ધ થઈશ પણ જીવનનો ઉત્સાહ કદી ગુમાવીશ નહીં, કારણ કે માર્ગનો છેલ્લો વળાંગ સર્વોત્તમ હશે - **હેન્રી ફોર્ડ**
- તમે અતિ વિશ્વાસ રાખશો તો કદાચ છેતરાશો. પણ તમે પૂરતો વિશ્વાસ નહિ રાખો તો પીડશો - **જનકલ્યાણ**
- સત્યનું આચરણ એ સત્યને આપેલી શ્રેષ્ઠ અંજલિ છે - **એમર્સન**
- સ્વચ્છંદ રોકાય, એનું નામ સંયમ - **દાદા ભગવાન**
- મૃત્યુ એટલે પરમાત્માને જીવનનો હિસાબ આપવાનો પવિત્ર દિવસ - **ડોંગરેજી મહારાજ**
- આજનું ઔષધ : ઠંડા દૂધમાં સૂંઠ ઘસીને તે દૂધના ૩-૪ ટીપાં નાકમાં નાખવાથી આધાશીસી મટે છે.

(સંકલન : દિપક વી. આશરા)

બોધકથા

સેવાગ્રામમાં એક દિવસ સેવાદળના સ્વયંસેવકો ગાંધીજીને મળવા આવ્યા. ડ્રિલ અને કવાયતની તેમણે સુંદર તૈયારી ગાંધીજીને દેખાડીને તેમના આશીર્વાદ લેવા હતા. ગાંધીજીએ કવાયત ડ્રીલ અને શારીરિક કસરતો જોઈ સંતોષ વ્યક્ત કર્યો. સંચાલકે બે શબ્દ કહેવાની ગાંધીજીને પ્રાર્થના કરી. સ્વયંસેવકો દૂર કતારમાં બેઠા હતા. ગાંધીજીએ કહ્યું, 'મારા બે શબ્દો સાંભળવા હોય તો નજીક આવો.'

સૂચના સાંભળતા જ બધા જ સ્વયંસેવકોનું ટોળું હુડુડુડુ કરતું ઊભું રહ્યું.

ગાંધીજીએ કહ્યું, 'તમે સૌ તાલીમબદ્ધ છો, કતારમાં કેમ ચાલવું, કેમ દોડવું, એનો સુંદર પ્રયોગ હમણાં જ તમે મને કરી દેખાડ્યો હતો. તમે જયાં બેઠા હતા ત્યાંથી મારી પાસે આવવામાં એ જ વિદ્યા કામે લગાડી હોત તો મને ખૂબ આનંદ થાત. કતારમાં રહી ને ઊભા થઈ ચાલતા મારી નજીક આવી અર્ધી વર્તુળાકારમાં આગળના લોકો બેસી ગયા હોત અને પાછળવાળા ઊભા રહ્યા હોત, તો તમારી કવાયત કામમાં આવી હોત. કવાયત માત્ર દેખાડવા માટે નથી. રોજબરોજના જીવનને વ્યવસ્થિત કરવા માટે હોય છે.'

ગુજરાતના રાજકારણમાં ત્રીજા પરિબળનાં મંડાણ

તંત્રીસ્થાનેથી...

શંકરસિંહ લક્ષ્મણસિંહ વાઘેલા ઉર્ફે 'બાપુ' એટલે ગુજરાતના રાજકારણનું એક ગરવું - નરવું વ્યક્તિત્વ. ૧૯૭૭ની લોકસભાની ચૂંટણીમાં નવા ડિલિમિટેશન મુજબ બનેલી કપડવંજની બેઠક પરથી જનતા પાર્ટીના હળધારી ખેડૂતના નિશાન પર ચૂંટાયા પછી એમને આખું ગુજરાત અને દેશ ઓળખે છે. તે સમયે એમની ઉંમર ૩૭ વર્ષની હતી. આજે ૭૭ વર્ષની વયે ચાલીશ વર્ષની વિવિધ ચઢાવ-ઉતાર વાળી રાજકીય યાત્રા એક નિર્ણાયક તબક્કે પહોંચી છે ત્યારે 'બાપુ' ના હુલામણા નામે ઓળખાતા આ લોકપ્રિય જનનાયકે કોંગ્રેસ સમેત કોઈ પણ રાજકીય પક્ષ સાથેનાં તમામ બંધનોથી મુક્ત થવાનો સંકલ્પ કરી જાહેરજીવનની એક નવી ઈનિંગ્સનો પ્રારંભ કર્યો છે. બાપુ અને બીજા નેતાઓ વચ્ચે ઊડીને આંખે વળગે એવો ફરજ છે તે એ કે બાપુ પોતાનો રસ્તો પોતે શોધી લેવામાં માને છે. એ આખરે ક્ષત્રિય છે અને સામા પૂરે તરવા ટેવાયેલા હોઈ પડકાર ઝીલતાં કે જોખમો ખેડતાં અચકાતા નથી. તેઓનું લોહી કોંગ્રેસી નહોતું, છતાં સમય, સંજોગ અને રાજકીય સમીકરણો માંડી મજબૂરીથી છેલ્લાં વીસેક વરસથી એ વફાદારી પૂર્વક કોંગ્રેસના સૈનિક બનીને રહ્યા, તે જ મોટું આશ્ચર્ય ગણાય. નહીંતર એમના જાહેર જીવનનો પ્રારંભ તો તત્કાલીન જનસંઘના પૂર્વકાલીન સંગઠનમંત્રી તરીકે થયો હતો. એમને સત્તા ખાતર રાજકારણમાં નહોતું ઝંપલાવ્યું. જો એવો જ આશય હોય તો કોંગ્રેસના એ સુવર્ણકાળમાં જેના નામની કોઈ છીંકણી લેવા પણ તૈયાર નહોતું એવા જનસંઘમાં જોડાવાને બદલે શરુથી જ કોંગ્રેસમાં જોડાયા હોત. ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીના સ્થાપનાકાળથી જ કેશુભાઈ પટેલ પછીનાં 'નંબર-ટુ' નેતા તરીકે ઊપસી આવેલા શંકરસિંહ વાઘેલાએ ગુજરાતનાં અઢાર હજાર ગામડાં પૈકી સોળ હજાર ગામડાંનો થકવી નાખે એવો પ્રચાર-પ્રવાસ કર્યો હતો જેની ફળશ્રુતિ લેખે ગુજરાતમાં ભારતીય જનતા પાર્ટીની પહેલી સરકાર બની શકી હતી. હાલના આપણા વડાપ્રધાન નરેન્દ્ર મોદી શંકરસિંહ વાઘેલાના જુનિયર સાથી તરીકેની ભૂમિકા ભજવતાં ભજવતાં રાજકીય ચક્રવ્યૂહના સાત કોઠા જીતીને ગુજરાતના મુખ્યમંત્રી અને દેશના વડાપ્રધાન પર સુધી પહોંચી ગયા, જયારે એ પાર્ટીની પાયાની ઈંટ સમા શંકરસિંહ વાઘેલા ભારતીય જનતા પાર્ટી, રાષ્ટ્રીય જનતા પાર્ટી અને છેલ્લે કોંગ્રેસના ત્રિવિધ રાજકારણને અંતે હવે પક્ષાપક્ષીથી પર એવું રચનાત્મક રાજકારણ ખેલવા કટિબદ્ધ થયા છે.

આ પણ સમયની જ બલિહારી છે કે આવા વરિષ્ઠ નેતાની જયારે કોંગ્રેસને ખરી જરૂર હતી તેવા સમયે તેવો કોંગ્રેસને રામ રામ કરી રહ્યા છે. પતાની સાથે કરાયેલ અપમાનજનક વ્યવહાર પછી તેઓ વધુ સમય રાહ જોઈ શકે એમ નહોતા, એમ છતાં એમણે રાષ્ટ્રપતિની ચૂંટણી સુધી પોતાનાં પત્તા ખોલવાનું પસંદ નહોતું કર્યું. રાષ્ટ્રપતિની ચૂંટણીમાં કોંગ્રેસના ધારાસભ્યોના ક્રોસવોટિંગ મુદ્દે પ્રદેસ કક્ષાએ અને હાઈકમાન્ડ તરફથી એ બાપુના ઈશારે જ થયું હોવાનો આક્ષેપ કરાયો અને એમના જન્મદિવસ બોલાવાયેલ સમ સંવેદના સંમેલનમાં કોંગ્રેસી કાર્યકરોને હાજરી આપતાં રોકવા માટેના પ્રયાસો બલકે ફતવા જારી કરાયા. પરંતુ સામા પૂરે તરવા ટેવાયેલા અને જોખમો ખેડવાનો અનુભવ ધરાવતા શંકરસિંહ વાઘેલાએ એથી મચક આપ્યા વગર પોતાના પૂર્વ નિર્ધારિત કાર્યક્રમ સંપન્ન કરી એક મજબૂત મનોબળ ધરાવતા 'માસ લીડર' તરીકેની ઈમેજ અંકે કરી છે. આવનારા દિવસોમાં બાપુ જાહેર જીવનને નવી દિશા આપવા કૃતસંકલ્પ યુવા ત્રિપુટી - હાર્દિક પટેલ, અલ્પેશ ઠાકોર અને જિગ્નેશ મેવાણીને એક મંચ પર લાવવા કટિબદ્ધ લાગે છે. આથી ફરી એકવાર ગુજરાતના રાજકારણમાં અત્યાર સુધી નિષ્ફળ રહેતા ત્રીજા પરિબળના ઉદયની સંભાવના વરતાઈ રહી છે.

કેળવણીની સફળતાનો આધાર સરકાર કરતાં સ્વાશ્રય પર વધારે છે

ગાંધી ૧૦૦

ડો. રાજેન્દ્ર જાની

કેળવણીમાં ગાંધી વિચારની બાદબાકીને કારણે આજે શિક્ષણના પ્રશ્નો સર્જાયા

૧૯૧૮ની આસપાસે શરુ થયેલી પાયાની કેળવણી અનેક અવરોધો છતાં આગળ તો વધતી રહી હતી. શરુઆત પછીના ત્રીજા વર્ષે કેટલીક પ્રાંતિક સરકારો એ અંગ્રેજ અધિકારીઓની સલાહ માનીને 'પ્રાંતનું શ્રેષ્ઠ હીત લક્ષમાં રાખતાં વધુ લાંબો સમય ચાલુ રાખી શકાય એમ નથી.' એમ કહીને પાયાની કેળવણી આપતી શાળાઓ બંધ કરવાનો ઉતાવળીયો હુકમ પણ આપ્યો હતો પરંતુ એ છતાં આ પ્રકારે કેળવણી ક્ષેત્રે કામ કરતા કાર્યકર્તાઓમાં ઉત્સાહ સહેજ પણ ઠંડો પડ્યો ન હતો. કોઈ પણ સરકારના ટેકા વિના ગાંધી આચારને ગાંધી વિચારની પાયાની કેળવણી આપવાનું કામ પૂરેપૂરી ધગશથી આ કાર્યકરોએ ચાલુ રાખ્યું હતું. ગાંધીજીના વ્યક્તિત્વની આ તાકાત હતી. ઓરિસ્સાની સરકારે જયારે પાયાની કેળવણીની શાળાઓ બંધ કરવાનું ઠરાવ્યું ત્યારે ત્યાંના સરકારી કેળવણી બોર્ડના સચિવ શ્રીયુત ગોપબંધુ ચૌધરીએ સરકારી નોકરી છોડીને બારેક શિક્ષકોના સાથમાં પાયાની કેળવણીનું કામ હાથમાં લીધું હતું. ગાંધીની વાતમાં કેટલું વજૂદ છે અને આગામી દિવસોમાં ભારતનું ભવિષ્ય જો નક્કર ઘડવું હોય તો પાયાની કેળવણી સજ્જડ વિકલ્પ છે એમ અનેક કેળવણી સાથે સંકળાયેલા કાર્યકરોનો વિશ્વાસ હતો એમ જોઈ શકાય છે.

પાયાની કેળવણી અનુસાર શિક્ષકનો અમલ શરુ કરીને ૧૯૪૧માં તેણે ત્રણ વર્ષ પૂર્ણ કર્યા હતા તે સમયે અખિલ હિંદ પાયાની શિક્ષણ પરિષદની બીજી પરિષદ મળી હતી. આ પરિષદને ગાંધીજીએ સંદેશો મોકલ્યો હતો. સંદેશામાં ગાંધીજી લખે છે : 'પ્રયાસની સફળતાનો આધાર સરકાર કરતા સ્વાશ્રય પર વધારે છે એ વાત પરિષદ સમજે એવું હું આશા રાખું છું. સરકારનું વલણ અનુકૂળ હોય તો યે તેણે સાવધાનીથી કામ કરવું રહ્યું. આપણો પ્રયોગ ક્યાંક પણ કશી ભેળસેળ વિના અને બહારની દખલ વિના થાય તો જ તે સર્વાંગસંપૂર્ણ થશે.'

ગાંધી પાયાની કેળવણી પરિષદને મોકલેલા સંદેશામાં થોડા શબ્દોમાં બહુ સ્પષ્ટ કરે છે અને બહુ સજતાથી સરકાર પર નહીં સ્વાશ્રય પર ભાર મૂકે છે. કેળળણીના વિચાર અને પ્રસારમાં કોઈ ભેળસેળ અને બહારની દખલ વિના પ્રમાણિકતાથી કરેલું કાર્ય સર્વાંગ સફળ થશે એમ તેઓ સમજાવે છે.

આ નાનકડા સંદેશાની સલાહનું આઝાદ ભારતમાં કેળવણીના ક્ષેત્રમાં અક્ષરસહ પાલન જો કરવામાં આવ્યું હોત તો ? ચીની ઉત્પાદનોનો વપરાશ નહીં કરવા માટે સોશિયલ મીડિયામાં સંદેશા મોકલવા પડતા હોત? કે શિક્ષણ પછી હાલમાં રોજબરોજ જેની ચર્ચા થાય છે તે શિક્ષિત બેરોજગારીની સમસ્યા હલ કરવાનો પ્રશ્ન ઉદ્ભવ્યો હોત ખરો? એ સવાલ વિચારવો પડે એમ છે. આવી સમસ્યા જ ન હોત એથી સમાધાન વિચારવાનું પણ ન હોત એમ જણાય છે.

જયારે પાયાની કેળવણી વિવિધ પ્રાંતોમાં શરુ થઈ એ દરમિયાન અનેક પ્રાંતોમાં સ્થાનિક ગાંધી સરકારો એટલે કે ભારતીય નેતાઓ - સ્વરાજ આંદોલન અને ગાંધી વિચાર સાથે જોડાયેલા નેતાઓ સરકારના મંત્રી-મુંખ્યમંત્રી તરીકે સેવા આપતા હતા. આમ છતાં કેળવણી સહિતની વિવિધ બાબતોમાં અંગ્રેજ સરકારના અધિકારીઓના નિર્ણયો આખરી ગણાતા હતા. પાયાની કેળવણીના અમલીકરણમાં પણ સ્થિતિ આવી જ હતી. તેમ છતાં પાયાની કેળવણીના સંદર્ભે જયારે દસ્તાવેજો જોઈએ તો સ્પષ્ટ થાય છે કે પાયાની કેળવણીનો વિચાર અંગ્રેજ સરકારે પણ સ્વીકાર્યો હતો. ૧૯૪૧માં જામિયાનગર દિલ્હીમાં મળેલી પરિષદે પાયાની કેળવણી સંદર્ભે ત્રણ વર્ષમાં થયેલા કામનું અવલોકન કર્યું હતું. જે સમીક્ષા નોંધરુપે જોઈએ.

'સરકારી બિનસરકારી તથા બીજી પાયાની શાળાઓના હેવાલ જણાવે છે કે કેળવણીએ

અનુસંધાન પાના નં. ૭ પર

દલપત - ફાર્બસ મૈત્રી : સોનો ઔર સુગંધ

ક્ષણના ચણીબોર

વી. એસ. ગઢવી

કહે દલપતરામ
સાહેબ કિન્લોક વિના
કોણ માય ડીયર કહી
હવે મને બોલાવશે.

કવિ દલપતરામની કલમમાંથી ઉપરના શબ્દો સહેજે સરી પડ્યા હોય તેમ જણાય છે. વેદનાની જે અનુભૂતિ ભિતરમાં ઘૂંટાઈ છે તેજ દલપતરામની બળુકી વાણીમાં પ્રગટ થઈ છે. જેના વિરહની વ્યથાને વ્યક્ત કરવા કવિએ આ શબ્દો લખ્યા છે તે મિત્ર પણ ગુજરાત કે ભારતનો નથી. દેશથી હજારો માઈલ દૂરના પ્રદેશમાંથી ગોરી સરકારના પ્રતિનિધિ તરીકે આવેલા એક અમલદારની ચિર વિદાયની તેમાં ગમગીની છે. કવિઓ જગતને કંઈક આપીને જનારા લોકોનું સામાન્ય રીતે ગુણદર્શન કરતા હોય છે. આવા લોકોના ગુણનું ગાન કરતા હોય છે. કવિના ચિત્તમાંથી પ્રગટતી આ વાણી છે. તેમાં કવિનો ઉદ્દેશ માત્ર કંઈક મેળવી લેવાનો કે પ્રાપ્ત કરવાનો ગણીએ તો તે ઉચિત તારણ નથી. કવિઓએ તો અનેક કિસ્સામાં માથા સાટે આવી મોંઘી વસ્તુના યશોગાન કર્યા છે. આ બાબતના અનેક ઉદાહરણ ઈતિહાસમાં ઉપલબ્ધ છે. દલપત પુત્ર મહાકવિ નાનાલાલે ગાંધીજી વિશે અને ગાંધીના ગુણગાન કરતું એક દીર્ઘકાવ્ય આપણાં દેશે આઝાદી પ્રાપ્ત કરી તે પહેલા ત્રણ દાયકા પહેલા લખ્યું હતું. મહાકવિએ 'શીર સાટે નટવરને ભજીએ' જેવું આ દુષ્કર કાર્ય કવિના અંતરમાં ઉછળતી ઊર્મિઓની પાવક અભિવ્યક્તિ માટેનુંજ હતું. તેના જે સારા – માઠા પરિણામો આવે તે ભોગવવાની કવિની તૈયારી હતી. આ યશસ્વી પિતા – પુત્ર દલપત – નાનાલાની જોડીએ લગભગ એક સૈકા સુધી સાહિત્ય સર્જનના જગતમાં પોતાનું નામ અગ્રસ્થાને રાખ્યું. આથી જેમના વિશે કવિવર દલપતરામે શોકાતુર શબ્દો લખ્યા છે તે તેમના પરમ સખા એલેકઝાંડર કિન્લોક ફાર્બસ માટે લખ્યા છે. મૈત્રીને ક્યાં દેશના – ભાષાના કે પરંપરાના બંધનો નડે છે ? ફાર્બસ સાહેબ તરફના અનન્ય સ્નેહથી દલપતરામની વાણીમાં મૈત્રીભાવનું પવિત્ર ઝરણું પ્રગટ થયું છે અને વહેતું રહેલું છે. કુશળ વહીવટકર્તા અને આપણી માતૃભાષાના પ્રેમી તેમજ સંવર્ધક એવા ફાર્બસ સાહેબનું વિશેષ સ્મરણ જુલાઈ માસની આ અષાઢી ભીનાશમાં માટીની સુગંધ પ્રગટાવી અને પ્રસરાવી જાય છે. સાત જુલાઈ – ૧૮૨૧ માં જન્મેલા આ બ્રિટીશ અમલદારની મીઠી સ્મૃતિ મહાકવિ દલપતરામ થકી લગભગ બે સૈકા પછી આજે પણ જીવંત છે અને ઝળહળા છે. દલપત – ફાર્બસની મૈત્રી એ 'સોનો ઔર સુગંધ' જેવી ચિત્તને પ્રસન્ન કરનારી ઘટના છે.

આપણી માતૃભાષાની હાલની સ્થિતિ વિશે સકારણ ચિંતા કરવામાં આવે છે. આ અંગેની જાગૃતિ અને નક્કર પ્રયાસ આવકાર્ય પણ છે. માતૃભાષામાં પાસ થવા પુરતા ગુણ પણ ઘણાં વિદ્યાર્થીઓ દસ અને બારમા ધોરણની પરીક્ષામાં મેળવી શકતા નથી. આપણે આપણી માતૃભાષાથી દૂર જતા રહ્યા છીએ ? કારણો તેમજ ઉપાયોની ચર્ચા તો ભાષા વિજ્ઞાનના જાણકાર વિદ્વાનો કરશે પરંતુ એક ગુજરાતીને આ સમાચાર જાણીને થોડી પણ ચિંતા ન થાય તો આ ઘટનામાંથી કોઈ પાઠ શીખવા મળશે નહિ. આ સંદર્ભમાંજ એક વીચક્ષણ વહીવટકર્તા તથા બ્રિટીશ અમલદારની યાદ આવે છે. આ અમલદારે ગુજરાતી ભાષા – સાહિત્યની ચિંતા પોણા બસ્સો વર્ષ પહેલા કરી ! લોકપ્રિય ભાષામાં 'ફાર્બસ સાહેબ' તરીકે ઓળખાતા આ અધિકારીનું નામ એલેકઝાંડર કિન્લોક ફાર્બસ છે. આ નામથી આપણે સુપરિચિત છીએ. લગભગ પોણાબસ્સો વર્ષ પહેલા બ્રિટીશ સરકારની વહીવટી વ્યવસ્થાના એક ભાગ તરીકે ફાર્બસ અહીં આવ્યા. તેમણે આપણી ભાષા સાહિત્યના સંવર્ધન માટે સંસ્થાગત વ્યવસ્થા ઊભી કરવા ઉપરાંત બીજી પણ અનેક પ્રવૃત્તિઓ કરી તે માટે આજે પણ આદર તથા અહોભાવ થાય છે. ગુજરાત વર્નાક્યુલર સોસાયટી (હાલની ગુજરાત વિદ્યાસભા)ની લગભગ ૧૭૦ વર્ષ પહેલા થયેલી સ્થાપનામાં આ સાહિત્યપ્રેમી અમલદારની શુભદ્રષ્ટિ તેમજ દીર્ઘદ્રષ્ટિનું દર્શન થાય છે. ફાર્બસની ચિર વિદાય પછી મહાકવિ શ્રી દલપતરામના શબ્દોમાં આ કૃતજ્ઞતાનો ભાવ યથાર્થ ઝીલાયો છે.

કવિતા જહાજનો તે
ભાંગી પડ્યો કુવાથંભ.

ઘણાં બ્રિટીશ અમલદારો સત્તાના સહજ કેફમાં સમાજથી અલગ રહીને પોતાની 'કોટરી' (coterie) વચ્ચે રહેતા હતા. પરંતુ કેટલાક અધિકારીઓએ શાસિત દેશના લોકોના ભલા માટે નિર્ણયો કરીને લોકકલ્યાણની દિશામાં મહત્વના પગલા ભર્યા હતા. કેટલીક અન્યાયી તથા અવૈજ્ઞાનિક પ્રથાઓ કાયદાથી અટકાવવા માટે ઐતિહાસિક નિર્ણયો કરવામાં પણ આ વહીવટદારોનો મહત્વનો ફાળો રહ્યો. ૧૯૨૮ માં લોર્ડ બેન્ટિક હિન્દુસ્તાનના ગવર્નર જનરલ તરીકે આવ્યા બાદ તેઓ સતી થવાની પ્રથાને અટકાવવા માટેનો કાનૂન લાવ્યા. તેનો અસરકારક અમલ પણ કરાવવાના તમામ પ્રયાસો કર્યા. અનેક લોકો લોર્ડ બેન્ટિકના આ પગલાથી નારાજ હતા તથા તેનો વિરોધ પણ કરતા હતા. જોકે રાજા રામમોહનરાય જેવા સમર્થ સુધારકોનો આ પગલાને સંપૂર્ણ ટેકો હતો. બેન્ટિક – ફાર્બસ જેવા અમલદારો અલ્પ સંખ્યામાં હોય તો પણ તેમનું સ્થાન હિન્દુસ્તાનના ઈતિહાસમાં ચિરસ્થાયી છે. ફાર્બસને તો સાહિત્ય ઉપરાંત શિલ્પશાસ્ત્રની પણ ઊંડી સૂઝ હતી. અમદાવાદના મંદિરો, મસ્જિદો તથા જૈન ઉપાશ્રયો એ તેમના માટે રસના વિષયો હતા. હીમાભાઈ ઈન્સ્ટિટ્યૂટ પણ ફાર્બસ સાહેબનીજ ભેટ છે. અમદાવાદથી ફાર્બસની બદલી સુરત થઈ ત્યાં પણ તેમની સાહિત્યસેવા અવિરત ચાલુ રહી.

કવિવર દલપતરામે સુંદર એવા મનહર છંદના બંધારણમાં સાહિત્યપ્રેમી અધિકારી મિત્ર તરફની લાગણીને વાચા આપી છે.

લાડને લડાવનાર દિલદાર ગયો
કોણ હવે મને લાડકોડથી લડાવશે
સુખદુખનો પોકાર સુણનાર ગયો
કોણ હવે સુખ કરી શોકને સમાવશે
હિમતદાતા હિમાયતુ હિતકારી ગયો
કોણ હવે હૈયે મને હિમ્મત ધરાવશે
કહે દલપતરામ સાહેબ કિન્લોક વિના
કોણ માય ડીયર કહી મને બોલાવશે

અંતરના ઉમળકા સિવાય દલપતરામ જેવા કવિ આવી વિરહવ્યથા લખે નહિ. આપણી માતૃભાષા બોલતા લોકો ફાર્બસ સાહેબના ઋણી રહેશે.

આજે સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય ખાતે એક દિવસીય કાવ્યશિબિર

સાહિત્ય વૃત્ત

મૂળજીભાઈ પરમાર 'દધિ'

● અભિનય સમ્રાટ ઉપેન્દ્ર ત્રિવેદીની પ્રાગટ્ય જન્મજયંતિ નિમિત્તે સ્મરણાંજલિ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે સ્વ. શ્રી ઉપેન્દ્ર ત્રિવેદીના પ્રાગટ્ય' જન્મજયંતિ નિમિત્તે, ૮૧મા જન્મદિનની સ્મરણાંજલિ અને જન્મદિન વંદનાનો કાર્યક્રમ તા. ૧૪-૭-૧૭ના રોજ, ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વપ્રમુખ અને 'ધરતીનો ધબકાર' લોકસાહિત્યકાર દોલતભટ્ટના અધ્યક્ષ સ્થાને અને સુપ્રસિદ્ધ ચિત્રકાર બાબુભાઈ સોની અને પૂર્વ મંત્રી બાપુભાઈ મેઘજી શાહ તથા જાણીતા નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈ અને પ્રેમ અકાદમીના સચિવ પુલક ત્રિવેદીની વિશેષ ઉપસ્થિતિમાં યોજાઈ ગયો.

કાર્યક્રમની શરુઆત પ્રાર્થનાથી માયાબેનના મધુર કંઠે કરવામાં આવી. ત્યારબાદ ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ નટવર હેડાઉએ શાબ્દિક સ્વાગત કરી, કાર્યક્રમની ભૂમિકા બાંધી અને મહેમાનો દ્વારા દીપપ્રાગટ્ય કર્યા બાદ, ગાંધીનગર સાહિત્યસભાના મંત્રી કલ્પેશ પટેલ દ્વારા મહેમાનોના પરિચયનાં ઓજસ પાથરવામાં આવ્યા ત્યારબાદ ભાનુપ્રસાદ દવે, કલ્પેશ પટેલ, મહેન્દ્ર રાઠોડ, રમણ શ્રીમાળી દ્વારા મહેમાનોનું પુષ્પગુચ્છ - પુસ્તકથી સ્વાગત કરવામાં આવ્યું.

સુપ્રસિદ્ધ ચિત્રકાર બાબુભાઈ સોનીએ પ્રસંગોચિત સંભારણાં વાગોળતાં જણાવ્યું કે, મોરારી બાપુના ત્રણ શબ્દો સત્ય, પ્રેમ અને કરુણા ઉપેન્દ્રભાઈએ જીવનમાં યથાર્થરીતે ઉતાર્યા હતા. તેઓ આત્મજ્ઞાની અને આત્મદર્શની અને સંતકક્ષાના કલાકાર હતા. છેલ્લે તેઓ કહેતા કે, ભગવાન રાખે તો મિત્રો વચ્ચે રહેવું છે, બાકી તો જખ મારે છે જમડા; હવે કામ પુરું થયું છે!

બાબુભાઈ મેઘજી શાહે - સાજન તારાં સંભારણાં કહેતા, ઉપેન્દ્રભાઈના નાટ્યકલા ક્ષેત્રની ભવ્ય કામગીરીને યાદ કરી સ્મરણાંજલિ અર્પી કહ્યું કે એક સાહિત્યનો અભ્યાસુ, એકેએક શબ્દ સમજીને, તોલીને વાપરનાર જણ હતો. તેઓ નવી રંગભૂમિને ભૂલ્યા નહોતા અને નાટકમાં ઓતપ્રોત થનાર કલાકાર હતા. નાટકમાં મેજરની ભૂમિકાથી તેઓ 'મેજર' તરીકે ઓળખાતા. તેમના ફિલ્મક્ષેત્રના ઉત્તમ પ્રદાનને વાગોળી અંજલિ અર્પતા કહ્યું કે, જાનારા તો જાતા રહ્યા, સદ્‌ગુણ એના સાંભળે!

મૂર્ધન્ય સાહિત્યકાર અને નવલકથાકાર ડૉ. કેશુભાઈ દેસાઈએ, ઉપેન્દ્ર ત્રિવેદી સાથેનાં સંભારણાં યાદ કરી તેમણે ગુજરાતી ફિલ્મોના દિલીપકુમાર તરીકે સંબોધીને તેમણે દુકાળિયા વર્ષોમાં ટાંકીઓ, પરબો, છાસની પરબો ચાલુ કરી તે માનવતાનાં કરેલાં કાર્યોને યાદ કરી, તેમને નાટ્ય અને ફિલ્મક્ષેત્રની જળહળયાત્રાને વાગોળી વીરપાણીવાળા તરીકે સંબોધીને સ્મરણાંજલિ અર્પી હતી.

અધ્યક્ષ સ્થાનેથી દોલત ભટ્ટે, અધ્યક્ષીય પ્રવચનમાં ઉપેન્દ્ર ત્રિવેદી સાથેના ૪૦ વર્ષના સંબંધને યાદ કરી, સને ૧૯૭૮માં બનેલા પ્રસંગીને યાદ કરી, તેમની નવલકથામાંથી સર્જાયેલ ફિલ્મ 'મનનો માણીગર' ની યાદ અપાવી હતી. ઉપેન્દ્રભાઈ માત્ર કલાકાર નહીં, પરંતુ સર્વાંગી સમજ-દૃષ્ટિ અને ઉત્તમ વક્તૃત્વશક્તિ ધરાવતા હતા. તે શ્રેષ્ટ સાહિત્યનો અને સંબંધનો માણસ, બદલો વાળવાની તમન્નાનો માણસ હતો, પોતાની ચાર નવલકથાઓ પરથી થયેલ ફિલ્મોના કલાકાર ઉપેન્દ્રભાઈને શબ્દાંજલિ અર્પી હતી.

અંતમાં આભારવિધિ કમલેશ પટેલે કરી હતી. આ સમગ્ર કાર્યક્રમનું આયોજન ભીખુભાઈ કવિએ કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન ભીખુ કવિ અને હીનાબહેને સુપેરે કર્યું હતું.

● ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે તા. ૨૨મી જુલાઈ, ૨૦૧૭ના રોજ, સવારે ૯થી સાંજે ૫ વાગ્યા સુધી એક દિવસીય કાવ્યશિબિરનું આયોજન સ્વામિનારાયણ ગુરુકુળ વિદ્યાલય, સેકટર-૨૩ ખાતે કરવામાં આવ્યું છે, જેમાં શિબિરાર્થીઓને કાવ્યલેખનના વિવિધ આયામો અંગેના તલસ્પર્શી જ્ઞાનમાં (૧) કવિ ભાગ્યેશ જહા મહેફિલમાં દાદ કેમ મેળવવી તે અંગે, (૨) કવિ અનિલ ચાવડા - ગીત - ગઝલ વિશે થોડીક વાત (૩) કવિ ઉણાકાન્ત રાજયગુરુ - કાવ્યલેખન અને વ્યાકરણ વિશે (૪) કવિ ડૉ. કનૈયાલાલ ભટ્ટ - ચાલો સમજીએ છંદ, અને લય (૫) કવિ કિશોર જીકાદરા - ગઝલમાં સંવેદનાનો સ્પર્શ વિષે તાલીમ આપશે. શિબિરના સમાપન પ્રસંગે જાણીતા સાહિત્યકાર અને ગાંધીનગર સાહિત્ય સભાના પૂર્વપ્રમુખ કવિ હરિકૃષ્ણ પાઠક, ગુ.મા. અને ઉ.માધ્યમિક શિક્ષણ બોર્ડના વાઈસ ચેરમેન અને કવિ રમેશ ઠક્કર તથા ગુજરાત પ્રેસ અકાદમીના સચિવ પુલક ત્રિવેદી અને સાહિત્યસભાના પ્રમુખ નટવર હેડાઉ ખાસ ઉપસ્થિતિ રહેશે.

● તા. ૨૩મી જુલાઈના રોજ સાંજે ચાર વાગે, નવી દિલ્હીના ગુજરાત અતિથિ સભાખંડમાં ગુજરાત સાહિત્ય અકાદમી અને દિલ્હી ગુજરાતી સમાજના ઉપક્રમે, સાહિત્યપ્રેમી ગુજરાતીઓની સંવાદસભાનું આયોજન કરવામાં આવ્યું છે. આ સભામાં ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ અને પદ્મશ્રી વિષ્ણુ પંડ્યાનું અભિવાદન કરવામાં આવશે. તેઓ ઉમાશંકર જોષીનું દિલ્હી વિશે વ્યાખ્યાન પણ આપશે. આ ઉપરાંત છઠ્ઠી ઓગસ્ટે કચ્છના ભૂજમાં પણ સંવાદસભા યોજાશે. જેમાં કચ્છી સાહિત્યક્ષેત્રે મહત્ત્વનું પ્રદાન કરનારને ગૌરવ પુરસ્કારથી નવાજવામાં આવશે. ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ વિષ્ણુભાઈ પંડ્યા સમગ્ર કાર્યક્રમનું અધ્યક્ષપદ સંભાળશે. કચ્છી સાહિત્ય અકાદમી દ્વારા વર્ષ - ૨૦૧૫ માટે ધનજી ભાનુશાલી કડક બંગાલી તથા વર્ષ - ૨૦